3083

चांपराज हाडाना नाटकनां

गायनो.

मोरबी आर्यज्ञानवर्धक नाटक कंपनीने माटे.

રચીને પ્રસિદ્ધ કરનાર મોરબીના રહીશ.

गोकळजी वी. प्राणजीवन रावळ.

મોરબી રેવાજીરાજ પાઠશાળાના શાસ્ત્રી શીઘ્રકવી
શંકરલાલ માહેશ્વરનાં મુખ્ય વિદ્યાર્થિ.

આવૃતી ૧ લી.

નકલ ૧૦૦૦

अमदावादमां

મામાની હવેલી મધ્યે યુનાઇટેડ પ્રિન્ટિંગ અને
જ૦ એ૦ કંપની "લિમિટેડ"ના પ્રેસમાં
રણછોડલાલ ગંગારામે છાપ્યાં.

સંવત ૧૯૪૩——સને ૧૮૮૭.

કિંમત બે આના.

(ગ્રંથ સ્વામીત્વના સર્વ હક કર્તાએ સ્વાધિન રાખ્યા છે.)

अर्पणपत्रिका.

નેકનામદાર અખંડ પ્રૌઢપ્રતાપી મહારાણા શ્રી ગુંદીઆળી

ઠાકોરસાહેબ શ્રી કુશળસિંહજી

બહાદુરની સેવામાં.

આ મારી અલ્પ મતીથી રચાયેલું નાનુંસરખું પુસ્તક આપ નામદાર સાહેબની પવિત્ર સેવામાં અર્પણ કરૂંછું, તે કૃપા કરી સ્વીકારશો એવી આશા છે.

વિનંતિ. ગોકળજી વિ. પ્રાણજીવન રાવળ.

મોરબી.

शार्दुलविक्रीडीत वृत.

શાણા સર્વ કળા અનેક નીયમો ધર્મો વિષે ધારીને,
ન્યાઇ પ્રેમ પ્રજાપરે અતિ ઘણો સદભાવ વિસ્તારીને,
ગાંભિર્યાદી ગુણો વિશેષ તનમાં પ્રેમી પ્રસંને ધરે,
કુશળસિંહ કૃપાળ ન્યાય નૃપતિ સુખી રહો હે હરે. ૧
જ્ઞાતિ નાગર છે સચીવ તનમાં ટેકી વીવેકી ધરે,
શાણા જાદવરાય કાર્ય સઘળાં રાજ્યોતણાં જે કરે;
રાજા નમૃ અતિ વળી શુભ મતિ જ્ઞાની જનોમાં ઠરે,
કુશળસિંહ કૃપાળ ન્યાય નૃપતિ ખુશી કરો હે હરે. ૨

पुष्पीताग्रा वृत.

વીમળ શુભ મતી ધરીધરીને પ્રીય વીપ્રોતણી સેવના કરીને,
શરણ શરણ શંભુને હરીને પ્રભુ પ્રીતિ કરતા ફરીફરીને. ૩

કુશળ કુશળસિંહ તો રહીને અરી વૃંદોભાગથી ડરી ડરીને;
ભૃગવત ગમનો કરે ફરીને, વીરલા સુર રતિ અતિ ધરીને. ૪
લઘુ ગુરૂ ગણ દોષ તો ન જાણું કવિતા જ્ઞાન નવીનના પ્રમાણું;
વિનય ધરી ધરી કહું કૃપાળુ કરશો માન્ય નવિન ગ્રંથ. થાઉં.૫

(સ્વદેશી સજનો એ રાહ.)

કુશળસિંહજી ગુણના ભંડાર નીતિ ન્યાયમાં પ્રવિણ ને અતિ ઉદાર
પ્રેમ પ્રજાપર રાખે સારો રાણા શ્રી ગુણવાન;
પુત્ર સમાનં ગણે રૈયતને લેશ નહિ અભિમાન. કુશળ. ૧
નીર્મળ મનથી ગૌબ્રાહ્મણની શેવામાં છે પ્રીત;
દુર રહે દુર્ગુણથી પોતે લેશ ન ધરે અનીત. કુશળ. ૨
ગુણમય બુલંદ વિચારના તે રાણા કદરેદાન;
ઉર્દુ ઈંગ્લીશ ગુજરાતિ ભાષાનું જેને જ્ઞાન. કુશળ. ૩
પરધન પરદારાપર, દ્રષ્ટી કરે નહી ગુણ કુપ;
વિદ્યા ગુણને વિવેક સાગર ધર્મધુરંધર ભુપ. કુશળ. ૪
બાઈ સાહેબબા છે વીરમાતા સતિ શીરોમણ નાર;
ઈશ્વર ભક્તિ કરે અનાદી જાણે તત્વ વિચાર. કુશળ. ૫
કાર્ય ભારી જાદવરાયભાઈ નીતિપાલ ઉદાર;
રાજ કાજ સઘળાં કરવામાં છે બહુ તે હુંશીઆર. કુશળ. ૬
ઘણું જીવજો કુશળસિંહજી ગુંદીઆળી મહારાય;
ગોકળજીની એવી આશીષ પ્રતિદીન ચડતી થાય. કુશળ. ૭

(રાગ મોરી સુધબુધબી બીસરાની એ રાહ.)

કુશળસિંહ ભુપ છબી મેં નીહાળી;
ગંભીર ગુણના ન્યાયી કૃપાળુ. દેખી હર્ષ થાયે દીલ ભારી કુશ. ૧

ઘણુંરે જીવજો કુશળસિંહજી, એવી અરજી પ્રભુપાસે મારી; કુ. ૨
આશીષ ગોકળજીના એવી, જામો કીર્તિ વિશેષ તમારી; કુશળ. ૩

मनहरछंद.

ઘણા રાણા કુશલ કુશળસિંહજી તમારી,
પ્રસરી અનેક દેશ પ્રભુતા પ્રતાપનિ,
દીન પરદીન ગુદીયાળીતણા તખ્ત પર,
અવિચળ રહો રાજ આપનું અમાપથી.
ક્રોધથી કોપેલ વેશ જુજવા ધરીને જાણી,
પ્રસરી અનેક દેશ કીર્તિ આપ નામનિ;
સ્થીર રહી સતી રૂપ એક ટેક ધારી નારી,
આપના ભંડાર માંહી લક્ષ્મી ગુણ ધામની. ૧

ચાંપરાજ હાડો ને સોનરાણીના

નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સર્વ પાત્રો— (છે જન પાલક ટાલક દુઃખનો) એ રાહ.

જય જય નિરગુણ અવિનાશી તું જગ સચરાચરનો કર્તા (૨)
અગમનીગમ તું માયાળુ, પરમેશ્વર દીનદયાળુ. (૨)
ભક્તોપર છે અદકી રેહેમ, તું અમને વીસારે કેમ;

દાસ જનોનું કરજે ક્ષેમ, વીઘન સરવનો તું હર્તા. જય જ૦. ૧
છે વિશ્વંભર તુજ નામ ખરૂં, તુજ સ્તવન હમેશાં ચીત ધરૂં;
બ્રહ્મા ચાર મુખે ગુણ ગાય, શેશ થકી નવ વરણન થાય;
ભુતળ પ્રાણી કોણ ગણાય, અકળ કળા અવનીશ્વરા. જય ૨

પ્રવેશ ૧ લો.

ચાંપરાજ—(અલેફસેં તું યાદ કર અલ્લાહકું આદમ. એ રાહ)

ગુણનીધાન સચીવ તુંને ધન્ય છે ખરે,
સત્યજ્ઞાન તણી વાત યાદ રે કરે; ટેક.
સત્ય વચન પાળવા સુબોધ ગુરૂ જેહ,
સત્યવાન આવી આપશે ખુલાસો તેહ. ૧
જેથી બીન વરશાદનું દુખ ધણું;
જાય સર્વ નાશ પામી રે પ્રજા તણું. ૨
સત્ય વચન શ્રવણથી સુણાશે હે પ્રધાન;
શુધ ધર્મ પાળવાને મળશે આજે જ્ઞાન. ૩

સત્યવાન— (જંગલા સારા પીયા બીન ફીરી. એ રાહ.)

હે ચાંપરાજ હે ચાંપરાજ તું એક ચીતથી સાંભળજે ટેક.
હું સત્ય કહુંછું સત્ય કહુંછું તે વચનો હૃદયે ધરજે; હે ચાંપ. ૧
તું ધર્મ પાળતો નથી અનાદી તે દીલ શોધ સદા કરજે, હે. ૨
તું પાપબુદ્ધિથી હીંસા કરતાં રાજન નિત્યે હવે ડરજે; હે. ૩
તવ અંતરમાં અતિ ક્રોધ રહ્યોછે તે મમ વાક્ય થકી હરજે; હે. ૪
પુત્ર સમાન રૈવતને ગણવા ગફલત નાંહિ હવે કરજે; હે ચાંપ. ૫

(બેની જલદી લાવજે જઈને પીયુ મારા. એ રાહ)

હે ચાંપરાજ તું વચન મારૂં સાંભળજે, હું કહુંતે કરવા પ્રતિજ્ઞા આદરજે. ટેક
તુજ રાજ્ય જહાંછે તહાંલગી હે રાય મમ વચન પાળવા હુકમ આપો થાય.
તું પાપ માર્ગથી વીરક્ત જ્યારે જાય તો પ્રજા તમારી સુખી અતીશે થાય;
વળી કન્યાવિક્રય થવો બંધ તું કરશે તવ ઈશ્વર તારૂં અતિ દુઃખને હરશે.
તું શરીર સુખમાં દીવસ કાઢવા જેહ તે પરહરજે નૃપ આજ દીનથી તેહ;
આ રાજ્ય મળ્યુંછે તે તારૂં નવ જાણ તું રક્ષક છે જગદીશ થકી નીરવાણ
માટેરે અંતરે કરી શુભ વિચાર ગૌબ્રાહ્મણના પ્રતિપાળ થવા નીરધાર.

કાનો બારોટ— (રાગ જંગલો ઝીંઝોટી.)

હે ચાંપરાજ તવ પુણ્ય પ્રતાપસે, મેઘ ચઢ્યો હે ચોવદીશે; ટેક.
ઘનઘોર ઘટા બાદલ છાંયો બીજલી ચમુકત હે ગગન વિશે; હે. ૧
ખરરર ખરરર ખર બુંદ પરત હે દાદુર મોર અવાજલસે; હે. ૨
ઘનન ઘનન ઘન ગાજતહે પરજન્ય જીસે મમ દીલ હીસે; હે. ૩
ઈંદ્રરાજ અબ મેહેર કરતહે તીમ તીમ તીમીર સુ શબ્દ કરે; હે. ૪

પ્રવેશ ૨ જો.

સોનરાણી— (રાગ માઢ)

જોને હાસી વૃક્ષોના નવીન રંગને,
કે શું શાલ તાલ આ તમાલ સંગને. જોને. ૧
પ્રીય બેનિ દ્રષ્ટી કરજે આમ દેખવા;
દ્રાક્ષા ને દાડીમ લીંબ લવીંગ પેખવા. જોને. ૨
છે શોકનાંહી લેશ આ અશોક વૃક્ષને;
પ્રવાલ બાલ ફનસ મંડપ દાક્ષને. જોને. ૨
ચંપા ચંમેલી ચોખલી નવ મલીકા તણી;
જાઈ જુઈ કેતકીના સુગંધી ઘણી. જોને. ૪

(ગજલ ભૈરવીની.)

(હમતો આશક હે તેરે નાજ ઊઠાને વાલે. એ રાહ.)

પતીવૃત પાળવુ એ ધર્મ સતીતણો બેની; ટેક.
ગુણ નીજ પ્રાણનાથ તણા હમેશ સંભાળીને;
સુખી થઈ એ આસ્ય હાસ્ય થકી નકીજ નીહાળીને ૧
સતી સ્ત્રીઓનાં ચરીત્ર હમેશ દીલ ધારીને;
કામક્રોધ લોભ મોહ મત્સરને મારીને. ૨
પતીતણા વાક્ય જાણી શાસ્ત્ર તેને અનુંસરો;
ખરો આ સંસાર લાભ પ્રીય બેનો દીલ ધરો. ૩

ઇંદુમુખી— (રાગ ઉપરનો.)

ધન્ય ધન્ય પ્રીય બેની તું સોનરાણી ખરે સતી. ટેક.
સતી સુભદ્રા દ્રૌપદી સુલોચના સમ જાણુંછું;
મદાલસા લોપામુદ્રા અરૂંધતી હું પ્રમાણુંછું. ૧

તારામતી સતી સીતા કાં લક્ષ્મીતણા અંશથી;
પ્રગટી સોનરાણી તું સોહા કુળના વંશથી. ૨
દીન દીન વૃધિ પામો યશ તાહરૂં ઘણું;
દીપાવ્યું તેં કુળ માત પીતા અનેરે પતીતણું. ૩

(કમળા દાસી ચાંપરાજને દીલી જવાના ખબર આપેછે તે વખત)

સોનરાણી— (રાગ દીંડી.)

પ્રીય દાસી આજ સુખ સહુ જવાનું. પ્રાણપતિ વીજ્ઞ ગ દુઃખલોથવાનું
અબળાની જાત દુઃખતો સેહેવાનું. પ્રીય દાસી. ૧
આ નશીબવાત હાયરે સહીએ, વીધી લખ દાસી કોણને કહીએ.
ભરથાર સાર સુખનોજ નહી એ. પ્રીય દાસી. ૨
શું ઉપાય દાસી આ સમે કરાય, જેથી મુગલ નોકરી થકી છુટાય;
હરગીજ મારી પાસ તો રહેવાય. પ્રીય દાસી. ૩

ઈંદુમુખી— (રાગ સદર.)

પ્રીય વીરમાતુ થાતું ધૈર્ય ધારી, અફશોસ છોડ પ્રીય એની મારી;
તકદીર પાસે શું કરે આ નારી; પ્રીય. ૧
સુખ આપશે અમાપ ત્રીપુરારી, નહિ મેલશે સતી સ્ત્રીઓ વીસારી;
સત્ય રાખવા તૈયાર છે મુરારી; પ્રીય. ૨
તમે દંપતી છો શુધ દીલ ભારી, તે ખચીત માનજો રૂદે ઉતારી;
માટે દુખ આપણું જશે વીચારી. પ્રીય. ૩

સોનરાણી— (દક્ષીણી રાહની લાવણી.)

પ્રીય પતી હવે દીલી તો જવાને રે;
હાય હાય મન મુંઝાય ચીંતા થાય નવ સેવાય;
વીયોગ દુઃખ જવાળા રે; પ્રીય. ૧

સુખ સર્વે તો આજથી જવાનાં રે;
વીયોગ દુઃખ ટળીશું સુખ ચંદ્ર સ્વરૂપ કોમળ મુખ;
દર્શ પ્રીય પતીનાં રે; પ્રીયુ. ૨

ઇંદુમુખી— (રાગ ઉપરનો.)

શોચના કરો પ્રીય બેની મારી રે;
કોમળ તારી છબી નાહાળી દુઃખ વીદારી સતી ધારી;
સુખ દેશે મુરારી રે. શોચ. ૧
છોડ કલેશને પ્રીય પ્રભુ સંભાળી રે;
શુભ રીત રાખ નીત કરને પ્રીત પ્રભુ અજીત;
લેશે તો ઉધારી રે; શોચ. ૨
હીમત રાખને દીલ તું વીચારી રે;
એક ટેક રાખી છેક ધરી વીવેક તું અનેક;
કલ્પના વીદારી રે; શોચ. ૩

પ્રવેશ ૩ જો.

કમલા— (ગીતિ)

આપ તણી સતી ભક્તી નીરમલ બાઈ સુક્ષ્મ આપ ખુબ;
ધન્ય ધન્ય છે તુજને આ જગમાંહી પતીવૃતા શુદ્ધ. ૧
પતી ધણ મન જાણી દ્રઢતાથી તું પતી સેવ કરતા;
અવર કથાપર હરવા કરવાને સુખને દુઃખો દરવા. ૨

ઇંદુમુખી— (ગીતિ.)

આવા ગુણ સ્વામીના થાવા આનંદ દીલમાં બાઈ;
નીકટ રહી સ્વામીને તન મન ધનથી પુજે છે જાઈ. ૧

સોનરાણી— (કુંગનવા મોરો કરસે નીસર્કું ગયો રે, એ રાહ.)

સુણુ દાસી પતીવૃતા તણો કહું ધર્મ રે,
પતી ઈશરૂપ જાણી રે શેવા કરવી પ્રમાણી રે;
પતી વાક્ય રૃદયે ધરવું તે કહે તે નીત્યે કરવું,
એની સેવામાં વીચરવું એ અનાદિ કર્મ રે. શુણી. ૧
ક્રોધી રોગી કે અપંગરે હોયે નેત્રો થકી અંધ રે;
ગુણ રૂપ હીન જોય વાકયવજ્ર સમ હોય,
જાણી ઈશ રૂપ તોય ભજતાં નાવે શર્મ રે શુણી. ૨
શુધ ભાવે સેવા કરવીરે રીસ રૃદયે ન ધરવી રે;
પ્રાણનાથ તમે ઈશં કહી નારી નામે શીશ,
ગુણ ગાયે અહરનીશ એ નારીનું કર્મ રે. શુણ.

ઈંદુમુખી— (રાગ ખીલાવર.)

આપ તણું પતીવૃત જગમાં ગવાય,
તવ સમ સત્ય ધર્મ કોથી ના પળાય; આપ. ટેક ૧
રાત દીન પતી ભકતી થકી તો જવાય,
એક નેક ટેક આપ સમ ના થવાય. તવ. ૨
અહલ્યા તારાને દ્રોપદી સીતા સુભદ્રાય,
તેના સમ આજથી તું જગમાં ગવાય. તવ. ૩
શુધ યશ તારૂં બાઈ ઈશથી રખાય,
નીત્ય મેવ એવું માગું પ્રભુ થજો સહાય. તવ. ૪

સોનરાણી— (ચાંપરાજની પાસે નમ્રતાથી)

(જનમો જનમ એ રાહ)

તન મન ધનસે આપ સેવ કરેવા નીશદીન મેં પાસ રહુંગી. તન. ટેક
આપ ન લોગે સાથ પતી તબ પ્રાણ હમારા છોડ ચલુંગી. તન. ૧

આપ કહોતો દીલ્હી પતીકા શીર ઊડાવું મેં નાંહીં ડરૂંગી. તન.૨
તોભી પ્રીતમ છાંડ ચલો ના ઝુરે ઝુરકે પીછે મરૂંગી. તન.૩

સોનરાણી—(હમકું છાંડ ચલે બન માધુ એ રાહ.)

હે ભરથાર ન જાવા દેશું સુખ દુઃખ સઘળું સેહેસું રે, હે. ૧
આ દુઃખ આપણે કેમ ભોગવીએ મ્લેચ્છ જનો થકી તો ડરવું રે;
ક્ષત્રી કુળનેરે લાંછન લાગે તેવું કૃત્ય તો કેમ કરવું રે. હે. ૨
બંધનકારી મુગલ તણો તો નાશ કર્યો નહીં કેમ પ્રભુ રે;
પડતી દશા કેમ ક્ષત્રી તણીતો કરવા નીરદય થાય વીભુ રે. હે. ૩
શું જીવીને સાર્થક જગમાં પ્રાણ પતી કરવુંજ રહ્યુંછે;
રાજ તજીને નીચને શરણે રહેવું અયોગ્ય તમોને રહ્યુંછે. હે. ૪

ચાંપરાજ— (રાગ સદર.)

સાહસ કામ અયોગ્ય કહીએ સમય પ્રમાણે તો રહીએરે, સા. ૧
આહું તો પ્યારી દીલ્હી પતીનું શીર ઉડાવું નાંહીં ડરૂં રે;
એગમ દીલ્હીપતીની રે લાવું તેવું પરાક્રમ હુંજ કરૂં રે. સા. ૨
મુજ પરાક્રમ તારી પાસે યોગ્ય નહીં કેવુંજ પ્રીયારે,
હાંસી કરે કોઈ વાતજ સુણતાં માટે ન આગ્રહ કરજે ત્રીયારે.સા. ૩
મીત્ર પ્રમાણે ક્ષત્રી જનોને અકબર રાખે પ્રીત થકી રે,
માટે ગયા વીણ પ્યારી ન ચાલે આપ રજા તું આજ ખુશીકરીરે.સા. ૪

સોનરાણી—(રાગ ઇંદ્રસભાની ગવાતી ઢબ તાલ દાદરો)

કઠણ ધર્મ પાતીવૃત પાળવું પતી,
આપ દર્શ વીના મુને દુઃખ છે અતી. ૧
આ શંગાર આપ ગયા પછી નહીં ધરીશ,
ખાન પાન સ્વાદથી નહીં હવે કરીશ. ૨

ફક્ત જ્યારે છાશથી આ દેહ રાખશું,
માસ જે છ માસ તે દુઃખેથી કાઢશું. ૩

ચાંપરાજ— (રાગ ઉપરનો.)

શાણી રાણી ના ઉદાશ તું થશે જરાય,
છેક દુઃખ દેહને ન આપવું કદાય. ૧
ખાન પાનથી ન ધર્મ તાહરો જશે,
માટે માની માહરૂં ઉદાસ ના થશે. ૨
સુવસ્ત્રા લંકાર ત્યાગ ના કરવો નાર,
શુધ ધર્મ પાળવો કહુંછું વાર વાર. ૩

સોનરાણી— (સ્વદેશી સજનાં. એ રાહ.)

વીનતી માહરી સુણજો જરી પ્રાણ નાથ માનજો કહુંછું ઉચરી, ટેક.
રજા નહીં જવાને દેશું તે માનો મમ પ્રાણ,
મુંગલ તણું બંધન નવ સેહેશું માનો ચતુર સુજાણ. વી. ૧
સ્નેહ અધીક પ્રથમ દરશાવી દીલી જવું ન અયોગ્ય,
સોનરાણીની અરજી માની કરો ન નાથ વીયોગ. વી. ૨
માટે આગ્રહ કરો ન સ્વામી કહુંછું વારંવાર,
આપ ગયા પછી આ મુજ કાયા પાડીશું નીરધાર. વી. ૩

ચાંપરાજ— (મુઝે છોડ ચલા બનઝારા. એ રાહ.)

હે પ્યારી મારી સુવીચારી દે રજા ખુશીથી નારી, ટેક.
ષટ માસ જતાં નહીં વાર લાગે તું દીલ વીચાર;
માટે ગભરા નહીં પ્યારી દે રજા ખુશીથી નારી. ૧
મમ વચન પાળજે નીત્ય સાચવજે ધર્મ સુરીતે,
નહીં દીલી દુર તું વીચારી દે રજા ખુશીથી નારી. ૨
તું થા નહીં જરા ઉદાસ મમ પ્રાણજ તારી પાસ,

એ વીચાર દીલ વીચારી દે રજા ખુશીથી નારી. ૩
પણ ગયા વીના નહીં ચાલે એવું તો નીશ્ચે ધારે,
માટે મમ હૃદયના પ્યારી દે રજા ખુશીથી નારી; ૪

સોનરાણી— (રાગ ઉપરનો.)

આ કટારે ને રૂમાલ આપો નીશાની નાથ, ટેક.
છે આપ રૂપ સમ જાણી કરૂં સેવા ધર્મ પ્રમાણી;
આ વીનતી અરજી સાથ આપો નીશાની નાથ. ૧
મમ વલ્લભ વેલા વળજો આ પ્યારી દીલમાં ધરજો,
આ વીનતી અરજી સાથ આપો નીશાની નાથ. ૨
તવ પદની શેવા માગું નીશદીન ભકતીથી જાગું,
આ વીનતી અરજી સાથ આપો નીશાની નાથ. ૩
આ દાશીતણુંતો રદયમાં તમ રમરણ રાખજો મનમાં;
આ વીનતી અરજી સાથ આપો નીશાની નાથ. ૪
ષટ માસ અવલ નહીં આવો તો દેહ પડ્યો એ ધારો;
આ વીનતી અરજી સાથ આપો નીશાની નાથ. ૫

ચાંપરાજ—(અલેફસે તું યાદ કર અલ્લાકું આદમ. એ રાહ.)

પ્યારી આ કટારે ને રૂમાલ લે તું સદા,
દીલ્લી તો જવાને માટે રજા આપે અધ; પ્યારી. ૧
તારી છબી માહરા વિશે સુદા રહે;
આ વીયોગ દુઃખ મમ કામીની દહે; પ્યારી. ૨
જાણું છું એ પાદશાહને કેદ હું કરૂં,
પણ આ વચ્ન વીચારીને નમ્ર થઈ ફરૂં; પ્યારી. ૩
સમયાનુસાર જન વર્તવા ચહે,
તે મનુશ્ય જગત માંહે સુખને લહે; પ્યારી. ૪

સોનરાણી— (રાગ સોરઠ-રતનાર નૈના જાકે એ રાહ.)
પીયુ વારંવાર કહું છું રે આ વીયોગ દુઃખને સહું છું; પીયુ. ટેક.
વેહેલા દીલ્હી થકી તો વળજો એમ ઉચ્ચારી કહું છું રે. આ. ૧
એક ઘડી શત વર્ષ પ્રમાણે આપ વીયોગ લઉં છું રે; આ. ૨
પ્રીતમ તમ દર્શણ વીન પ્યારા ક્ષણ ક્ષણ દીલ દહું છું રે; આ. ૩
સોનરાણી— (મોરી સુધ બુધ આ બીસરાની. એ રાહ.)
પીયુ મોરી અર્જ શુણોને વિચારી, અરે હું તો દુઃખીબહુ દીલધારી. પીયુ ૧
મુગલ તણા તો અંત ન આવ્યો, નથી સહાય થતો ત્રીપુરારી; પી. ૨
પડતી દશા હાય ક્ષત્રીતણી તો, થયા મુગલ બંધન અધીકારી; પી ૩
પ્રાણપતી વાંણ ઃક ઉદાસી, હવે સ્તુતી કરી કરી હારી. પીયુ. ૪
ચાંપરાજ— (રાગ સદર.)
પ્રીયા મોરી છોડ વીલાપ વીચારી શાને દુઃખી રહે દીલ ભારી; પ્રી. ૧
થા નાં ઉદાશી તું મુજ રામા, લેશે દુઃખ પ્રભુ તો વિદારી; પ્રી. ૨
આપ રજા તું ખુશી થકી તો થાય વિલંબ બહુ ઉર ધારી; પ્રી. ૩
ના કર ચીંતા દીલ વિશે તું રેહે સુખી હરીને સંભારી; પ્રી. ૪

પ્રવેશ ૫ મો.

પહાડસિંહ—(ચાંપરાજ મળેછે તે વખત.)
(રાગ ધન્યાશ્રી.)
આપ પ્રતાપે કરી હું ખુશી છું આપ પ્રતાપે કરી. ટેક.
આપ તણું તો રાજ્ય ખુશી છે, પુછુ છું વિનય ધરી; ખુ. ૧
શુભ મતી છે ખુશી સચીવ સેના ખુશી તો ખરી; ખુ. ૨
સાથ અંગતુજ ખુશી છે મીત્ર, પુછુ છું ફરી રે ફરી; ખુ. ૩

ધર્મના ધોરી રસ્તા નીર્વિઘ્ને, ચાલેછે પ્રેમ ધરી; ખુ. ૪
સુખી ગૌબ્રાહ્મણ રાજ્ય વીશે તવ બોલીએ ભાવ ધરી; ખુ. ૫

ચાંપરાજ— (ગીતિ.)

મીત્ર વર્યની દ્રષ્ટી કૃપા તણીથી ખુશી રાજ્ય મારૂં;
ચાલેછે નીરવીઘ્ને આપ તણું તો પુછુંછું સારૂં. ૧

પ્રવેશ ૬ ઠો.

ચાંપરાજ—(અકબર બાદશાહની કચેરીમાં કોની સ્ત્રી પતિવૃતા છે એ વીશે સરત થાયછે તે વખત.)

(નાગનકે બચ્ચે નાગઉસે પ્યાર નહિ કરનાં. એ રાહ.)

ક્ષત્રીઓનું સૌર્ય તો હજુ ગયું નથી,
પાતીવૃત જગતથી હજુ ટળ્યું નથી; ક્ષત્રી. ૧
ક્ષત્રીઓના કુળમાં સતી સ્ત્રીઓ અરે;
આજ લગી છે હજુર માનીએ ખરે; ખત્રી. ૨
માહરે ઘરેછે નારી સાધવી સતી;
શું કહું વીશેષ આજ આપને અતી; ખત્રી. ૩
સાધવી સતી નથી અસીધ તો થઈ;
ક્ષત્રીઓની સત્યતા હજુ નથી ગઈ. ખત્રી. ૪
એક નારી જુઠીથી ન થાય સર્વ જુઠી;
નારી સતીઓ તણી ન રાશી જાય તુટી; ક્ષત્રી. ૫
એક મુર્ખથી ન જગત મુર્ખમાં ગણાય;
એક વ્યભીચારીથી ના સર્વ તે જણાય; ક્ષત્રી. ૬
નીરલ જો મનુષ્ય દેખી દુનીઆ બધીય;
છે સમાન માનવું ન હોય રે કદીય. ક્ષત્રી. ૭
પાંચ આંગળી સમાન નાંહી મહારાજ,
તે પ્રમાણે માનવાને દાખલા હજાર; ક્ષત્રી. ૮

પ્રવેશ ૭ મો.

કમળા— (ગીતિ.)

અહાં બાઈ આજે તો, નીશ્ચલ મનથી કરો ઈશ ભકતીઃ
ગાઓ ગુણ ઈશ્વરના જમ સુખ કરવા છે જેની શકતી.

કુઈબા—(શેરમેકના કહેવાથી માસણ ચાંપરાજની કુઈ બની અંદર દાખલ થયેલછે તે સોનરાણીનું પતીવ્રત ભંગકરવા માટે તથા કેટલીક નીશાનીઓ જોવા માટે તપાસ કરેછે.)

(રાગ ઈંદ્રસભાની ચાલતી ઠબ.)

પુત્રી શું થયુંછે તુંને કષ્ટ ધરી કાયુ,
યોગી પુરૂષોની પેઠે સાધના સધાય. ૧
ખાન પાન જ્યારે છાશ યોગ્ય ના ગણાય;
આદી અંતનો વિચાર કાં નહિ કરાય. ૨
સુવસ્ત્રાલંકાર ત્યાગ તેં કર્યા જરૂર;
દેહ પાડવાની યોજના કરી ખસુસ. ૩
ચાંપરાજ જાણશે જો આવી તારી વાત;
ઠપકો મુને દઈને કેશે શું કર્યું આ કાજ. ૪
માટે વેહેમ છોડી મોજ શોખ તું કરે;
દીલ માહરૂં પ્રસન તાહરે ઠરે. ૫

સોનરાણી— (રાગ સદર.)

આ શું કુઈબા વદોછો, ક્ષત્રી ટેક છોડી;
ઉલટું લાંછન લગાડો શુધ ધર્મ તોડી. ૧
પતીવ્રતાપણું જવાને યોજના કરો;
મારૂં રદય બાળવા કપટ આદરો. ૨

મોજ શોખ વાતને હું રદય નાહી ધારૂં;
પ્રાણપતી આવતાં લગી ન ધર્મ હારૂં. ૩
આપ થયાં વૃધ તોય ઈશક કેરી વાત;
વાર વાર તો ઉચ્ચારવા કરો પ્રવાસ. ૪
તે મુને ન યોગ લાગે ફુઇઆ સુજાણ;
માટે જ્ઞાન વાત કરો થાય જે કલ્યાણ. ૫

ફુઇઆ - (ફુઇબા બનેલી માલણ મેહેલાત વીગેરેની નીશાનીઓ ગુપ્ત રીતે લખેછે)

(રાગ બોહાગની ગજલ.)

(અગર હમને દીલ જો સનમકુ દીયા એ રાહ.)
સ્ફાટીકના સ્થંભ છે બીલોરી મહેલ માંહી;
રત્નના જડીત્ર બાર સાખ મોહકારી. સ્ફાટીક. ૧
જાળીઓ વીચિત્ર રંગ જે સુવર્ણ સંગ,
આરસ છે પાથર્યા અનેક જાત રંગ; સ્ફાટીક. ૨
આ છે મેહેલમાં જવાની સીડી તે અનુપ,
આ નીશાની સર્વ તો કબુલ કરે ભુપ; સ્ફાટીક. ૩
આ પલંગ નવીન રંગ આ છે મહેલ સારો,
આ બે સિંહ છે રમુજી આ કપાટ ધારો; સ્ફાટીક. ૪
આ છે ચીત્ર બહુ વીચીત્ર કામ મીનાકારી,
આ નીશાની છે અપુર્વ જડીત્ર હીરાધારી; સ્ફાટીક. ૫
આ વીશેશ દાખલો કટાર ને રૂમાલ,
માગીશું એ પુત્ર માટે આપવા તૈયાર; સ્ફાટીક. ૬
ના ન કહે મુજને એ સોનરાણી શાણી,
અંગ ચિન્હ દેખવા બરાવું હોજ ભારી; સ્ફાટીક. ૭

પ્રવેશ ૮ મો.

માલણ—(શેરએક પાસે આવીને સર્વ વૃતાંત મેહેલની નીશા-નીઓ કટાર રૂમાલ અંગ ચિન્હ વગેરે જાહીર કરે.)

(અમદાવાદ નામે શેહેર શોભા સારી, એ રાહ.)

અહો શેરએક મુજ યાર મેહેનત કરતાં રે,
થઈ ફતેહમંદ આવાર પુઈબા બનતાં રે. ૧
એ નીશાનીઓ આ સર્વ, લાવી ઉતારી રે,
વળી કટાર ને રૂમાલ પુરાવા ભારી રે. ૨
વળી હોજ ભરાવી સ્નાન કરવા જાતાં રે,
મેં ગુપ્ત ચિન્હને ત્યાંય જોયું નહાતાં રે. ૩
એ ફીકર રહે તું યાર આ તુજ કાયા રે,
બચશે નહિ આવે આંચ મળશે માયા રે. ૪
બહુ લાગ્યા તમને દીન રાણી કાજે રે,
હવે દીલ્લી રવાના થાઓ કરો કુચ આજે રે. ૫
મુને ખુશી થકી ઈનામ આપો પ્યારા રે,
વળી સંભાળજો કોઈ દીન દાસ તમારાં રે. ૬

પ્રવેશ ૯ મો.

ચાંપરાજ—(શેરએક ચાંપરાજની સ્ત્રીનું પતીવૃત ભંગ કરીને આવ્યો તેથી ચાંપરાજને ગરદન મારવાનો હુકમ થાયછે તે વખત ચાંપરાજ બાદશાહ પાસે પોતાની સ્ત્રીને ફીટકાર દેવા માટે રજા માગેછે તે વખત બાદશાહ જામીન માગેછે ત્યારે ચાંપરાજ નીચે પ્રમાણે બોલ છે.)

(ગજલ ભેરવીની.)

ખુશાલસિંહ આ વખતે જામીન કોણ થાય,
રાખી વીશ્વાસ જો રજા મુને અપાય; ખુદા. ૧
પર માટે આપે દેહ આપે કદી કોય,
તેવા વીરલાં જનો કવચાતજ હોય; ખુદા. ૨
ક્ષત્રી જાત હાડા કુળ હું નાહી લજાવીશ,
ફીટકાર દઈ પાછો જલદીથી આવીશ; ખુદા. ૩
રજા એક માસની હું માગુ સરકાર,
ત્વરાથી હું આવું પાછો દઈ તીરસ્કાર; ખુદા. ૪
મારાથી નારીને તીરસ્કાર ના થશે,
તો મુજ મનની મનમાં રહી જશે; ખુદા. ૫

પાહાડસિંહ— (રાગ સદર.)

આપો રજા એહને ખુશીથી નામદાર,
ચાંપરાજના જામીન હું છું સારકાર; આપો. ૧
બુંદીકોટે જવા માટે રજા ભલે દીઓ,
એ જલદીથી ન આવે તો શીર મારૂં લીઓ; આપો. ૨
દીલી પતી એના બદલ કેદ હું રહું,
જવા ફરમાન કરો એમ હું કહું; આપો. ૩

ચાંપરાજ (મુઝે છોડ ચલા બનઝારા.)

ધન્ય મીત્ર પવીત્ર તમારી, આ અદભુત ટેક નીહાળી;
નહીં તુજ સમ બીજો જડશે, ભલે જગત બધું આથડશે.
તેં રાખી ઈજત હમારી, આ અદભુત ટેક નીહાળી. ૧
છે પહાડસિંહ તુજ ઓથ, આ વખતે હાજર ન હોત;
તો થાત હાડાની ખુવારી, આ અદભુત ટેક તમારી. ૨

મેં આવડું નહોતું જાણ્યું, પ્રીય મીત્રનું હેત પ્રમાણ્યું;
તું કુલ દીપક સુ વીચારો, આ અદ્ભુત ટેક નીહાળી. ૩
તેં રાખ્યું જગતમાં નામ, મુજ સાટે મરવા હામ;
કરી હર્ષ દીલમાં ધારી, આ અદ્ભુત ટેક નીહાળી. ૪
તું દીક્ષીપતીની પાસ, થયો જામીન ધરી હુલાસ;
તજી જીવીત આશા ભારી, આ અદ્ભુત ટેક નીહાળી. ૫
તું થા નહિ દીલગીર મીત્ર, પ્રીય પહાડસિંહ તું પવીત્ર;
મુજને તેં કર્યો આભારી, આ અદ્ભુત ટેક નીહાળી. ૬
હું તુરતજ પાછો આવું, નહિ હાડા કુળ લજાવું;
ફીટકાર દશે જઈ નારી, આ અદ્ભુત ટેક નીહાળી. ૭

પ્રવેશ ૧૦ મો.

સોનરાણી—(પોતાના પતીની જન્મતીથી છે તેથી ઇશ્વરની સ્તુતી કરે છે.)

(સ્વદેશી સજનો એ રાહ.)

હે કૃપાઘના હું પ્રાર્થના કરૂં, ભકતી ભાવથી તમારૂં ધ્યાન હું ધરૂં,
કરજે શુભ મમ સ્વામી કેરૂં, ત્રીભુવન પતી કૃપાળ;
અમો દંપતિ તણા સુખમાં વૃધિ કરો દયાળ. હે.
શુધ ધર્મ જાળવવા માટે નીરમળ મતી કરાય;
પવીત્રતાથી પ્રેમ પતી પર નીશદીન પ્રભુ રખાય. હે. ૨
જનમો જનમમાં એ મુજ ભર્તા હાડા ક્ષત્રી વીર;
ચાંપરાજ મુજ પ્રાણ થવાને અરજ કરૂં રણધીર. હે. ૩

ઇંદુમુખી—(રાગ ઇંદ્રસભાની ચાલતી ઢબ.)

ભક્તી ભાવથી પ્રભુ પ્રસન તો થશે.
મુગલ બંધન આપણું નક્કી તહિ જશે. ૧
એક નેક ટેક તમારી દયાળુ દેવ,
જાણેછે પવિત્રતા તમારી પ્રેમ સેવ. ૨
વિશ્વનાથ પ્યાર દંપતિ બનાવનાર,
તેના કૃપાથી તમારૂ દુઃખ તો જનાર. ૩
સુખ દુઃખ તો મનુષ્ય શીર આપવા,
શુધ ધર્મ દંપતી તણોજ દાખવા. ૪
આ કસોટી દંપતી તણાજ પ્યારની,
દેવ કરેછે એ માનો ચતુર કામની. ૫

સોનરાણી— (રાગ આશાગોડી.)

હુંતો રહુંછું સદા વતધારી કુશળ કર કંથનું જન સુખકારી; ટેક.
મ્લેચ્છ જનોનો અંત ન આવ્યો. ૨
એ દુઃખ આપ વીચારી કુશળ કર કંથનું જન સુખકારી. ૧
અમેરે દંપતિને વીયોગ છ માસ. ૨
એ નહિ યોગ્ય મુરારી, કુશળ કર કંથનું જન સુખકારી. ૨
ધીર વીરને બહાદુર ક્ષત્રી. ૨
તે મુગલ બંધન અધિકારી, કુશળ કર કંથનું જન સુખકારી ૩
(ચાંપરાજ અચાનક પ્રવેશ કરી ક્રોધથીકેટલોકે તીરસ્કાર કરેછે)

ઇંદુમુખી—(રાગ કલ્યાણ, નૃપતી શું છોડો એરાહ).

ક્રોધ કરો ના તમે ભુપાલ સોનરાણી શુધ સતી નારીરે, ક્રોધ.૧
સીતા સુભદ્રા મદાલસા સમ દ્રોપદી પ્રમાણે વૃત ધારીરે; ક્રોધ.૨

તારામતી સમ દ્રઢ પતીવૃત પાળેછે એ જાણો સુવીચારીરે.ક્રોધ.૩
સાહસ કરવું આમ ઘટેના જુઓ દીર્ઘ દ્રષ્ટીથી વીચારીરે.ક્રોધ.૪
શુધ નારીપર અસ્ત પ્રહાર ઘટીત ન જાણો ધૈર્ય ધારીરે. ક્રોધ.૫

સોનરાણી— (રાગ ઇંદ્રસભાની ગવાતી ઢબ.) (અંતરલાપિકા)

શ્રીરમાપતિ કૃપાળુ પ્રાર્થના કરૂં, શ્રીગોપાલ ગોપીનાથ ધ્યાન હું ધરૂં;
ગોપી કેશ નાથ નસું વારવા હું, ઘેલી નાર સોનરાણીને સહાય તું.૧
કરે કૃપા કૃપાનીધાન વીશ્વ પાલક, લાગું પાય સહાય કરો દુખવીદારક;
લક્ષ્મીના પતી નમામી તાત દેવના,શંભુપાદ પદ્મની ,કરૂંછું સેવના.૨
જીવ સર્વના પ્રતાપી ઇશ પાલક, કર દયાળુ દેવ દ્રષ્ટી દૈત્ય દારક;
પ્રાણનાથ પાર્વતીના મોક્ષ દાયક, રક્ષ રક્ષ દીનબંધુ ગ્રહીત સાયક;૩
નહીં નહીં દયાળુ હું સ્વધર્મથી ફરૂં, પુંણ્ય શ્લોક અહરનીશ શેવના કરૂં;
જીશ્નુને અતીદુખોથી મુક્ત તેં કર્યા,જાઈ મથુરાં વીશે તેં દુશ્ટનેહર્યા.૪
વંન વૃદમાં અતીક્રીડા કરી પ્યારી, મામીની સમુહને ખુશીકરી હરી;
નરહરી નૃપાલ બંધ મોક્ષ તે કર્યા, ઇંદ્ર આદી દેવ સર્વનાં દુખોહર્યા.૫

ચાંપરાજ— (રૂખદન મેહ તફા. એ રાહ.)

હે નીચ વ્યભીચારીણી દગો અપાર તેં કર્યો,
દીલ્હી પતીની પાસ હાય જુઠ હું નકી ઠર્યો; હે નીચ. ૧
નૃપેંદ્રરાજ ભરથરીયે પીંગલાના જારથી, (૨)
અશ્વપાલ યારથી (૨) ભિખ્ખ હાય તો ધર્યો; હે નીચ. ૨
હાડાકુળને કલંક હાય તેં લગાડીઉં, (૨)
મ્લેચ્છ જાત તરકડાની સાથ પ્યાર તેં કર્યો; હે નીચ. ૩

સોનરાણી— (મુઝે છોડ ચલા બનઝારા.)

આ શું અપરાધ હમારો નથી કર્યો ગુનો મેં તમારો,

પ્રીય પ્રાણ પતીરે સાહસથી પસ્તાશો નાથ પછીથી;
શું દોશ જડ્યોછે હમારો નથી કર્યો ગુનો મેં તમારો. ૧
હું નથી ધર્મથી ચુકી ગયા જ્યારથી મુજને મુકી,
શાક્ષી છે પ્રભુ હમારો નથી કર્યો ગુનો મેં તમારો. ૨
આ સાહસ કોપ ધરીને મુને વ્યભીચારીણી કરીને,
જશો દીલો ન દોશ હમારો નથી કર્યો ગુનો મેં તમારો. ૩

(દક્ષીણી રાહની લાવણી.)

પ્રીય હવે ભુપાલ આમ ના કરો રે, (૨)
અરજ મારી દીલમાં ધારી લીયો સ્વીકારી મન વીચારી;
ક્રોધના કરો રે પ્રીય હવે ભુપાલ. ૧
સાથ તો લીયો પ્રેમથી કરીરે;
છું અનાથ ઝાલો હાય આવું સાથ માનો વાત,
ભક્તી અનુસરો રે પ્રીય હવે ભુપાલ. ૨
ક્ષત્રી કુળના હે શીરોમણી રે,
મન મુંઝાય ખેદ થાય અતી અન્યાય નહી ખમાય;
સાહસ ના કરો રે પ્રીય હવે ભુપાલ. ૩

પ્રવેશ ૧૧ મો.

સોનરાણી—(દીક્ષી જતાં રસ્તામાં ઇશ્વર સ્તુતી કરેછે.)

(રાગ સારંગ દીપચંદી.)

મરી દુઃખ દેખી અભાગી અમે ગયા પ્રાણનાથ રીસાઈ તમે, ટેક.
સદા શીવ સંભાળ લેતો નથી મરૂં છું દુઃખી હું મથીરે મથી. મરી.૧
કરી દુખિણી નાથ ચાલ્યા ગયા અતીકુષ્ટ આરોપ શીરે ધર્યાં. મરી.૨
અરે ધાવતાં મેં વછોડ્યાં બાળ કાંતો જળમાંહે નાંખી હશે જાળ. ૩

મૃગોને પમાડ્યા હશે ઘણા ત્રાસ દુભ્યા સંતસાધુને કીધાં નીરાશ.૪
જુઠું આળ વીપ્રો વીશે મેં ધર્યું કાંતો હશે કર્મ કુડું આચર્યું.મરી.૫

ઇંદુમુખી— (મોરી સુધબુધબ્બા ખીસરાની.)

પ્રીય બેની કેમ વીલાપ કરેછે દીલ દુઃખી સદા તું રહેછે,
હે સોનરાણી તું પ્રીય મારી ખેદ શાને તું દીલ ધરેછે. પ્રીય. ૧
સુખ દુઃખ તો જનને પડેછે તેથી શાને તું દીલ ડરેછે. પ્રીય. ૨
સહાય કૃપાળુ કરશે તમારી શાને નાહક ચીંતા ધરેછે. પ્રીય. ૩
જઇએ ત્વરાથી દીલી વીશેતો શાને મનમાં મુંઝાઇ રહેછે. પ્રીય. ૪

સોનરાણી— (રાગ સદર).

અચાનક જુલ્મ આ શુંરે થયો છે. ટેક.
વીચાર કરતાં પાર ન આવ્યો આતો ઇશ્વરે ક્રોધ કર્યોછે. અ.૧
આરોપ જુઠો આ મુજ ઉપર કોઇ દુષ્ટ જનોએ ધર્યોછે. અ.૨
પ્રાણ પતીને વેહેમજ આવ્યો દીલ ક્રોધ બહુરે રહ્યોછે. અ.૩
ઇંદુમુખી હે દાશી દયાળુ દેહ પાડવો બાકી રહ્યોછે. અ.૪

(રાગખમાચ)

(ચલી ચતર નાર કર કર સીંગાર. એ રાહ.)

પ્રભુ લે ઉગારી મેં દીન નારી આયા કલંક ભારી અબતો સજની,
શીર કાટ મરૂં નાંહી દેહ રખું પ્રભુ લે; ૧
મુજ પ્રાણ આધાર કીયા ક્રોધ અપારે દીયા જુઠા આળ, અબ૦
મેં હું શુધ નાર દુઃખ દેખી મરૂં પ્રભુ લે. ૨
પીયુ કરકે રોશ મુજ દીયા દોશ યહ બડા અફશોશ, સુણરે સજ.
મીટે નાંહી ક્રોધ અબ કેસે કરૂં. પ્રભુ લે. ૩
નહીં જીવન આશ અબ પીયુ પાસ છોડું દેહ ખાસ, અબતો સ.
નાંહી હાડા કુળમેં કલંક રખું. પ્રભુ લે. ૪

ઈંદુમુખી— (રાગસદર.)

સુખ દુઃખકું દેખનાંહી કીજે એદ સબ જાને ભેદ અંતર યામી,
સબ દોશ મીટે હરી ધ્યાન ધરે; સુખ. ૧
અબ છોડ વીલાપ કર નાંહી સંતાપ અબ નાંહી પાપ, ગુણીકાએશી.
પ્રભુ કલંક શીર અબ નાંહી રખે. સુખ. ૨
ધર હીંમત નાર કહું બારબાર સબ સુખ સંસાર, તજદે એની;
પતી દીલ્લી પાસ સબ જાહી કહે. સુખ. ૩
સબ કીજે ઉપાય પીયુ જીવન કાજ દીનબંધું આજ, અબતો એની;
દેખી દુઃખ અથાગ અબ સહાય કરે. સુખ. ૪

સોનરાણી— (ચંદ્રમુખીને એકલી. એ રાહ.)

સત્ય રાખજે પ્રભુ સતી ફસાણી આ સમે,
નીચ જાત ફુટણા વીના સબબ મુને દમે; સત્ય. ૧
દ્રોપદી સત્ય રાખવા પ્રભુ કૃપાળુતો થયા,
સીતાજી સત્ય કારણે દયાળુ દેવ તો ગયા. સત્ય. ૨
તારામતી સુલોચના મદાલસા સતી તણું,
દમયંતી સાવીત્રીનું નીભાવ્યું સત્ય તો ઘણું. સત્ય. ૩

(હમકું છાંડ ચલે બનમાધુ. એ રાહ)

અરે મુને તારો રે પ્રભુ મુને તારો આરે કલંક ઉતારોરે. ટેક.
મેં પગ બુંદીકોટાની બહાર દીધો નથી ઇશ્વર જાણેરે;
વેશ્યારૂપ ધર્યુંછે રે આજે જગજીવન પરમાણેરે. અરે. ૧
નીરપરાધી નારી ઉપર આરોપ જુઠો આજ થયો રે;
પ્રાણપતી ફીટકાર દઇને દીલ્લી ગયા ઉર રોશ રહ્યો રે. અરે. ૨
આરે વખત જો નહીં સચવાશે પતી મરણ તો થાશે રે;
લાંછન મારા શીરજ ઉપર પડીઉં તે કેમ સેહેવાશેરે. અરે. ૪

ઇંદુમુખી—(મુઝે છોડ ચલા બનઝારા. એ રાહ.)

આ વીલાપ દુર કરીને કરો દ્રઢ મન પ્રેમ ધરીને,
બાઈ દેહ ત્યાગ જો થાશે, તો કલંક શીર રહી જાશે;
માટે યુક્તિજ કરીને, કરો દ્રઢ મન પ્રેમ ધરીને. આ. ૧
હવે હીંમત હ્રદયે ધરવી, આવેલી વીપતી હરવી;
પ્રભુ દુઃખજ લેશે હરીને, કરો દ્રઢ મન પ્રેમ ધરીને. આ. ૨
છે ઇશ્વર સત્યનો બેલી, માટે ગભરા નહીં ઘેલી;
સુખ દુખને દુર કરીને, કરો દ્રઢ મન પ્રેમ ધરીને. આ. ૩

પ્રવેશ ૧૨ મો.

(પહાડસીંહને ફાંસી મળેછે તે વખત)

હંસગતિ— (સૈયર દુખ શું દાખવું. એ રાહ).

મીત્ર ધર્મ તમે જાણીઓ, પ્રાણ નાથ વીશેશ;
ધન્ય પતીછે રે માહરા, ખેદછે નાંહી લેશ. મીત્ર. ૧
આજ દીવસ છેરે હર્ષનો, મીત્ર બચશે જરૂર;
અમર નામ તો રહી જશે, દુનીઆમાં ખસુસ. મીત્ર. ૨
આપ વીના આ સંસારમાં, કોણ મારે આધાર;
એ દુઃખ છે પતી માહરા, જાણો પ્રેમાધાર. મીત્ર. ૩
આપ વીના હું એકલી, થઈ છું નીરાધાર;
વીયોગ તમારો પીયુ મારા, સહેસે કરશે આ નાર. મીત્ર. ૪
ફરી ફરી મળું પાછળે, સ્વર્ગે મળું ભરથાર;
પ્રીતમ તમ દર્શન વીના, ઝેર લાગે સંસાર. મીત્ર. ૫
સત્ય પ્રભુ સૌનું રાખજો, દેજો મોક્ષ દયાળ;
મીત્ર માટે જાન આપવા, થાજો સૌ વીરલાલ. મીત્ર. ૬

પાહાડસિંહ— (રાગસદર.)

ધન્ય દીવસ છેરે આજનો, પ્રીયા ચતુર સુજાણ;
અમર થવા બીજો અવસેર, મળે નાંહી પ્રમાણ. ધન્ય. ૧
પ્રીયા દીલગીર થા નહીં, શાને તું ગભરાય;
મીત્ર બચ્યો એમ જાણીને, હર્ષે દીલ ઊભરાય. ધન્ય. ૨
ઉત્સવ આ સમ નહીં બીજો, સાર્થક આરે સંસાર;
બાળ બચ્ચાંની સંભાળ લે, ઘેર જઇને હે નાર. ધન્ય. ૩
આવી પહોંચે કદી મીત્ર તો, દેજે ધીરજ અપાર;
નહીંતર એહ પ્રાણ છોડશે, કહુંછું વારંવાર. ધન્ય. ૪
ચાંપરાજ આવી પહોંચશે, એ ચીંતા દીલ થાય;
અમર થવાનો આ દીવસ, પછી નહીં સચવાય. ધન્ય. ૫

ચાંપરાજ—(ચાંપરાજ એકદમ અચાનક પ્રવેશ કરી પહાડસિંહને ભેટીને)

સબુર કરો મીત્ર માહરા, થયું અઘટીત કર્મ;
ધીક્કાર છે મુજ માતને, ગયો કુળ મુજ ધર્મ. સબુર. ૧
હાય હાય અવળું થયું, કલંક રહ્યું મુજ શીર;
હાડાનું કુળ લજાવ્યું, દુષ્ટી હું ગુણ હીણ. સબુર. ૨
પ્રણામ કરૂંછું રે મીત્રને, જે છે પરમ પવીત્ર;
પહાડસિંહ તુંજ જોડ તો, નાંહી મળશે રે મીત્ર. સબુર. ૩
અમર નામ તેં રાખીયું, ધન્ય છે તુંજ જાત;
મારે માટે પ્રીય મીત્ર તેં, દુખ વેઠયું હે ભ્રાત. સબુર. ૪
સુખનું સગું તોરે સર્વ છે, દુઃખમાં જે લીયે ભાગ;
તેજ ખરો દોસ્ત જાણવો, સુધારે સહુ કાજ. સબુર. ૫

(તે દરમ્યાનમાં બાદશાહ બે મીત્રોનું પરસ્પર દ્રઢ પ્રેમ જોઈ કચેરીમાં બોલાવેછે તે વખતે રતનસિંહ નીચે મુજબ ગાય છે.)

રતનસિંહ— (રાગ મોરી સુધબુધબી બીસરાની.)

ધન્ય ધન્ય ઈશ્વર ખુબી તમારી, રાખી લાજત પ્રભુ તેં હમારી ધ૰ ૧
પહાડસિંહ મુજ તાત પ્રતાપી, જે છે બહાદુર હીંમત ધારી; ધ. ૨
હાડા કુળ દીપક ચાંપરાજ, જેને મરણનો ડર ન લગારી. ધ. ૩
નેકી વીવેકી ટેકી અકબર, મીત્ર ધરમ જોયોછે નીહાળી. ધ. ૪
મીત્રો પરસ્પર આવા હજોરે, નામ અમર કરે સુવીચારી. ધ. ૫

પ્રવેશ ૧૩ મો.

(અકબર બાદશાહની કચેરીમાં સોનરાણી નાયકાનું રૂપ ધારણ કરીને આવેછે અને તે વખતે ગાયછે.)

સોનરાણી— (મુજે છોડચલા બનઝારા રાહ.)

જે વગર વીચાર્યું કરાય, તેમાં પસ્તાવો થાય;
કોઇ દીવસ ન સાહસ કીજે, ગુણ દોશ તપાશી લીજે;
જ્યારે અવગુણ રૂપ જણાય, તેમાં પસ્તાવું થાય. ૧
છે નર નારીની પ્રીતિ, વળી અપુર્વ જેમાં નીતિ;
ચુગલોથી તે તોડાય, તેમાં પસ્તાવું થાય. ૨
જે હોય ગુણી નીજ ભર્તા, ચુગલોથી નીત્યે ડરતા;
સાહસ નવ કરે જરાય, તેમાં પસ્તાવું થાય. ૩
નહિ નારી જાતને સુખ, અણ ચીતવ્યું આવે દુઃખ;
એ ઇશ્વર ગતિ ગણાય, તેમાં પસ્તાવું થાય. ૪

સોનરાણી—(તુલસીનમે માહરૂ ખડા ખડા રોતાહે એ રાહ.)

હું હવે ગુણીકા નથી દીલમાં જાણો,
છું ચાંપરાજની નાર તમે પરમાણો, ટેક. ૧
હું નીશદીન ભક્તી પતી તણીજ કરૂંછું;
મુજ વલ્લભ વીણ ઉદાસ સદાય રહુંછું. ૨
આ કલંક મુજ પર દુરજન થકી પડ્યુંછે;
તે ઉતારવા ભુપાલ રૂપ બદલ્યું છે. ૩
મેં પર પતી સ્વપ્ને નથી જોયા સરકાર;
આ જુલમ કર્યો તે શેરએક ધીકાર. ૪
આરોપજ ખોટો આવ્યો મુજને જ્યારે;
મેં ધર્યો ગુણીકા વેશ ખુદાવીંદ ત્યારે. ૫
છે નારી જાતને ધીક કલંક શીર આવે;
વળી પતી સાહસ કરનારજ લજ્જા જાવે. ૬
જે હતું થવાનું થયું દીલીના રાય;
પણ બચીયા મુજ ભરથારજ હાડા રાય. ૭
નારીને સુખ છે પતી પતીને નારી;
છે પરસ્પર સબંધ જુઓ વીચારી. ૮
દંપતિ પ્યાર છે અન્યો અન્યજ સરખો;
પ્રત્યક્ષ દાખલા થકી ખુદાવીંદ પરખો. ૯
હે દીલ્લીપતી હું મુખ હવે ન બતાવું;
નહિ કુળ મુજ સતીની રીત હવે લજાવું. ૧૦
સરકાર અંતરે રોશ જરા નવ લેશો;
નહિ સતી નારીની રીત ચુકાવા કેશો. ૧૧

ચાંપરાજ— (મીત્ર હોય કે કરે જુદાઈ. એ રાહ)

(લાવણી.)

શેરએક આવ્યોછે શરણે સુણો દીલીના રે ભુપાળ;

કરો માફ એ ગુનો એહનો અરજ આપને કરૂં કૃપાળ. ૧
એણે કૃત્ય કર્યુંછે ખોટું એ દીલમાં નવ લાવો આજ;
ક્ષત્રી કુળ મુજ બીરદ પળાવો અરજ સુણોને હે મહારાજ. ૨
નીચ જાત એ શીક્ષા લાયક શીર ઉડાવા હું તૈયાર;
ગુનો કર્યોછે બહુ એમણે તોપણ શાંતીમાં છે સાર. ૩
મહત જનોનું એક લક્ષણ રીસ ન રાખે રદય લગાર;
મોટા અપરાધીને માફી આપે ક્ષણમાં ન લાગે વાર. ૪
માટે કહુંછું હું કર જોડી નામદારને વારંવાર;
મેહેર કરીને આપો માફી એક ઉત્તમ મુજ વીચાર. ૫

પહાડસિંહ— (રાગ ઉપરનો.)

ધન્ય ધન્ય છે મીત્ર અંહમારા અવગુણ ઉપર ગુણ કરનાર;
ધન્ય જનુની તારી પ્યારા, દોસ્તદાર તું દીલ વીચાર. ૧
નામ અમરતો આ જગ માંહી, તેં રાખ્યુંછે હે ચાંપરાજ;
ગુનેગારને માફી આપી, ઇજ્જત વધારીછે તેં આજ. ૨
હાડા કુળમાં હીરારૂપી તું, પ્રગટ્યોછે દીન દયાળ;
પરોપકારી ક્ષમાવાન તું, રોશ ન લાવે રદય લગાર. ૩
ધન્ય અકબ્બર તારી રેણી, તુંપણ દાનો છે ગુણખાણ;
સતી સોનરાણીને બેટી જીભથી માની તેં જાણ, ૪
સોનરાણી તું છે જગ માતા, સતી.શીરોમણી કલંક રહીત;
પ્રાણપતીને બચાવવાને રૂપ ધર્યું ગુણીકાનું વીચિત્ર. ૫
હાડારાણી તું છે શાણી જાણું એમે અવતારી;
ઈંદુમુખી તું દાશી ચતુરાં અકલ વાપરી તેં ભારી. ૬
સર્વ જનોનું સત્ય રખાવ્યું હે ઇશ્વર અંતરયામી,
તારી પાસે કરૂં પ્રાર્થના મુજ રચનામાં નાહી ખામી. ૭
ધન્ય ધન્ય છે શેરબેક તું કુરગુણ કેરૂં કલી સ્વરૂપ;

તે તારામાં બાકી ન રાખી ક્ષમા કરેરે અકબર ભુપ. ૮
જય જય થાજો સતી સ્ત્રીયોનો ક્ષત્રીકુળનો જય થાઓ;
પામો દુર્ગુણ નાશ જગતના વીર પુરૂશ વૃદ્ધિ પામો. ૯

પ્રવેશ ૧૪ મો.

ચાંપરાજ—(પશ્ચાતાપ કરેછે.)

(ગઈ એક બેયક જોહવા પલટ. એ રાહ.)

શુધ રામા ઉપર જુલ્મ મેં કર્યો તે દીલ અફશોસ છે. ટેક.
ધીક સાહસ કર્તા દુર્જન ધીક અલ્પ બુદ્ધી મુજને,
નીરદોશી રાણી વાશે ઘણો વહેમ આવ્યો તે દીલ શોચછે. શુ. ૧
પ્રીયા મારી મે તો બુરૂં કર્યું નહી સત્ય સત્ય ફંદે ધર્યું;
જેથી પસતાવો હવે થાયછે પ્યારી આ ઘણો મુજ દોશછે. શુ. ૨

સોનરાણી— (રાગ સદર.)

અફશોસ ના કરવો પીયુ જે થવાનું તરે થઈ ગયું. ટેક.
ભાવી જે થવાનું મીટે નહી તેમાં દોશ આપનો નાં કહી;
દીલ કલેશ તોરે લાવો નહી શુધ સાચછે તે પ્રગટ થયું. અફ. ૧
જવા બુદ્ધી કોટિ મતી ધરો પ્રજા દુઃખીનેરે સુખી કરો,
એતો દુર્જનોથી પીયુ મારા દુઃખ આપે તોરે શાણું સહ્યું. અફ. ૨
ધન્ય પાહાડશિંહજી મીત્રને નારી હંસગતિ પવીત્રને,
શીર આપવા તેયાર થયો જેથી નામ અમર તો થયું. અફ. ૩

ચાંપરાજ— (સો ઉપર કૃપાળુ તું. એ રાહ.)

તું નીરદોશી પ્રીયા મારી, મેં ધીક્કારી અહો નારી; પ્રીયા મારી. ટેક
પ્રીયા વીચાર ના કીધો, તુંને મેં દોશ બહુ દીધો. તું. ૧

સોનરાણી—કરો ના ખેદ હો પ્યારા, પીયુ મારા અહો પ્યારા; કરો. ટેક.
રસીલા કંથ જે ભાવી, મીટે ના વાત તો થાવી. કરો. ૨

ચાંપરાજ—હું પસ્તાણો પ્રીયા મારી, બનેલી વાત સંભાળી; તું. ૩

સોનરાણી—કસોટી આ થઈ મારી, નથી એ ભુલ તમારી. કરો. ૪
ચાંપરાજ—પ્રીયા સાહસ મેં કીધું, ઘણું તો દુઃખ મેં દીધું. તું. ૫
સોન૦—ફીકર રાખો નહી પ્રાણનાથ, ઈજ્જત રાખી પ્રભુએ આજ. કરો. ૬
ચાંપરાજ—ભલે તું શાંત કર પ્યારી, રહ્યા ના આ જખમકારી. તું. ૭

(ખેલ પુરણ થયાબાદ સર્વ પાત્રો ગાયછે.)

(પ્રભુ મેર કર હમ ઉપર. એ રાહ.)

આર્ય બંધુઓ નીતીને તો અનુસરો,
સતી સ્ત્રીયોનાં ચરીત્ર રૃદયે ધરો. આર્ય. ૧
સાહસ ન કરશો પ્રીયા પ્રતે જરાય.
ચાંપરાજની માફક પસ્તાશો બધાય. આર્ય. ૨
સાહસથી કોણે સુખ ભોગવ્યું જરાય,
ઉલટું વધેલું દુઃખ પ્રત્યક્ષ જણાય. આર્ય. ૩
સોનરાણી શુધ સતી હતી જો ખરી,
કલંક ઉતારવાને ડરી ના જરી. આર્ય. ૪
સ્ત્રીઓને નીતિપર ચઢાવાને હમેશ,
કરશો પ્રયત્ન એમ કહીએ વીશેષ. આર્ય. ૫
સોનરાણી જેવી સતી દુનિઆમાં થાઓ,
શુધ યશ સતિ તણું પ્રસિદ્ધ જણાઓ. આર્ય. ૬
ભુલ ચુક માટે માફી માગીએ અમે,
અનેર ખેલમાં તો પધારશો તમે. આર્ય. ૭
જય પામો પતીવૃતા સ્ત્રીઓરે વીશેશ,
ગોકળજી દીનતાથી કહેછે હમેશ. આર્ય. ૮

હરવખત મારાં રચેલાં પુસ્તકો છપાઈ બહાર પડેછે તે વખત **મોરબીના** રહીશ ઠાકર પ્રાણશંકર ડુંગરજી તરફથિ મુને **ઘણોજ** આશ્રય મળેછે તેમજ આ વખતે પણ તેમણે **ઘણોજ સંતોશ બતાવ્યો છે.**

વિનંતિ ગોકળજી વી. **પ્રાણજીવન રાવળ.**
મોરબી.

જાહેર ખબર.

અમારા તરફથી નિચે જણેલાં પુસ્તકો છપાઈ બહાર પડેલ છે માટે જે સાહેબોને મંગાવવા જરૂર હોય તેમણે નિચેના શીરનામેથી મંગાવી લેવાં.

	કીમત રૂ.આ.પા.
શ્રવણ પિતૃભક્તિ નાટક ભાષણ તથા ગાયન સહીત...	૦—૧૨—૦
કેશરસીંહ નાટકના ઓપેરા	૦—૨—૦
સતી સુલોચના નાટકના ,, ...	૦—૨—૦
હરીશ્ચંદ્ર નાટકના ,, ...	૦—૨—૦
જગદેવપરમાર નાટકના ,, ...	૦—૨—૦
ચાંપરાજહાડાના નાટકના ,, ...	૦—૨—૦

થોડા દીવશમાં અમારા તરફથિ પૃથુરાજ ચહુઆણનું નાટક ભાષણ તથા ગાયન સહીત છપાઈ બહાર પડશે તેની કીમત અગાઉથી થએલા ગ્રાહકો પાસેથી બાર આના તથા પાછળથી રૂપીઓ એક લેવામાં આવશે માટે જે સાહેબોને ગ્રાહક થવું હોય તેમણે કૃપા કરી લખી જણાવવું.

ગોકળજી શ્રી. પ્રાણજીવન રાવળ.

ઠે૦ બક્ષી મુગટરામ શામજીની

શેરીમાં—મોરબી.